# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/ક્વા-૦૨/૨૦૨૧-૨૨/૩૪૯ તા.૧૯.૦૩.૨૦૨૨

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૧૮/ક્વા-૦૨/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી રાજ આઈસ & કોલ્ડ સ્ટોરેજ, શ્રી જીત આઈસ ફેક્ટરી ગામ – પોરબંદર

સબડીવીઝન: કિર્તિમંદિર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી પોરબંદર

તારીખ: બુધવાર (૨૩-૦૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૩-૦૨-૨૦૨૨ (બુધવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બનેપક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમો રાજ આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ ગ્રા.નં. 35101/00565/7 તથા જીત આઈસ ફેક્ટરી ગ્રા.નં. 35101/01021/9 માં એમોએ મે૨૦, જુન-૨૦ તથા જુલાઇ-૨૦ માં મે નિયમ મુજબ ઓફ સિઝનની અરજી કરેલ હતી અને એમોએ અમારી બંને આઈસ ફેક્ટરીમાં સંપૂર્ણ પણે ઓફ સિઝન પાળેલ છે અને આઓફ સિઝનના ત્રણ માસમાં અમારી

ફેક્ટરીમાં વિજવપરાશ બંધ રાખેલો છે અમારી આ બન્ને ફેક્ટરીમાં જુન૨૦૨૦ નું બિલ તા. 03-0૭-૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ હતું જ્યારે જુલાઈ૨૦૨૦ નું ૪૫ દિવસનું તા.૧૭-૮-૨૦૨૦ ના રોજ અમોને આપેલ છે જો અમારી આઈસ ફેક્ટરીમાં 30 દિવસ માં જ પી.જી.વીસી.એલ. દ્વારા બનાવી આપેલ હોત તો અમારા બન્ને વિજ કનેક્શનના જુલાઈમાં વિજ વપરાશ ના નોંધાત. આમ પી.જી.વી.સી.એલ. દ્વારા મોડું બિલીંગ કરવાના કારણે અમારી બન્ને ફેક્ટરીમાં બિલમાં યુનિટ ચડવા પામેલ હતા આપના દ્વારા અમોને પાઠવવામાં બન્ને બિલો ખોટાં આવેલ હોય ભરપાઈ કરવા પાત્ર નથી એટલે તમોએ અમોને અન્યાય કરેલ છે જે બિલો પાછાં ખેંચવા નમ્ર વિનંતી છે અમારા વિજબિલોમાં જે બિલીંગ થયેલ છે તે નીચે મુજબ છે.

| ક્રમ | ગ્રાહક નંબર | ગ્રાહકનું નામ | મે-૨૦૨૦ | જુન-૨૦૨૦ | જુલાઈ-૨૦૨૦ |
|---|---|---|---|---|---|
| ૧ | ૩૫૧૦૧/00૫૬૫/૭ | રાજ આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ | ૨૩-0૫-૨૦ | 03-0૭-૨૦ | ૧૭-0૮-૨૦ |
| ૨ | ૩૫૧૦૧/0૧૦૨૧/૯ | રાજેશ નારણ લોઢારી | ૨૩-0૫-૨૦ | 03-0૭-૨૦ | ૧૭-0૮-૨૦ |

આમ ઉપરોક્ત વિગતો જોતાં તમારી કંપની દ્વારા મોડું બિલીંગ કરેલ છે અને તેનો ભોગ ગ્રાહક કઈ રીતે બને ? તો ઉપરોક્ત વિગતે જે અમારી બન્ને ફેક્ટરીના ઓફ સિઝન રદ્દ ગણીને બિલો મોકલેલા છે તે પરત ખેંચી અને અમોને ન્યાય આપવા નમ્ર વિનંતી છે હાલમાં કોરોના કાળમાં ખુબ જ મંદી હોય પૈસાની તીવ્ર ખેંચ હોય અમોને ન્યાય આપવા આપ સાહેબને નમ્ર વિનંતી છે.આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 કિર્તીમંદિર પેટાવિભાગીય કચેરીમાં નીચે મુજબની વિગતના આઈસ ફેક્ટરી હેતુનીતિ કેટેગરી ના વીજ કનેક્શન આવેલ છે,

| ક્રમ | ગ્રાહક નું નામ | ગ્રાહક નંબર | લોડ |
|---|---|---|---|
| ૧ | રાજ આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ | ૩૫૧૦૧/00૫૬૫/૭ | ૬૮.૫ KW |
| ૨ | રાજેશ નારણ લોઢારી | ૩૫૧૦૧/0૧૦૨૧/૯ | ૮૭ KW |

ઉપરોક્ત બને ગ્રાહકો દ્વારા તા. 30.03.૨૦૨૦ ના રોજ અત્રેની કચેરીએ વર્ષ-૨૦૨૦ માં માહે મે-જુન-જુલાઈ માં ઓફ સિઝન લેવા માટેની અરજી કરવામાં આવેલ હતી. ઓફિસ રેકર્ડ મુજબ ઉપરોક્ત ત્રણેય મહિનાઓના બનવા પામેલ બિલની વિગત નીચે કોસ્ટકમાં દર્શાવ્યા મુજબ છે.

(૧) રાજ આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ - ગ્રાહક નંબર - ૩૫૧૦૧/00૫૬૫/૭

| ક્રમ | બીલીંગમાસ બીલની રકમ | બીલ તારીખ | વપરાશ થયેલ યુનિટ | બીલીંગ ડિમાન્ડ | બીલની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | મે | ૨૩-0૫-૨૦ | ૧૬૧ | ૬૮.૯ | ૧૧૭૫.૬૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | જુન | 03-0૭-૨0 | ૨૬૪ | 0.૫ | ૧૯૧૮.0૬ |
| 3 | જુલાઈ | ૧૭-0૮-૨0 | ૧૪૮0૭ | ૬૯.૪ | ૧0૯૫૨૫.0૨ |

તા. ૧૭.0૮.૨0૨૧ ના રોજ બનવા પામેલ વીજ-બિલમાં દર્શાવેલ મહ્તમ ડિમાન્ડ એ જુલાઈ-૨0૨0 માં વપરાશ કરવામાં આવેલ મહ્તમ ડિમાન્ડ છે. અને જે ૬૯.૪ KW આવતા ગ્રાહક દ્વારા જુલાઈ-૨0 માં પણ મહ્તમ લોડનો ઉપયોગ કરેલ છે જે સ્પષ્ટ છે.

3.૧ (૨) રાજેશ નારણ લોઢારી - ગ્રાહક નંબર - 3૫૧0૧/00૯૪3/૧

| ક્રમ | બીલીંગમાસ બીલની રકમ | બીલ તારીખ | વપરાશ થયેલ યુનિટ | બીલીંગ ડિમાન્ડ | બીલની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | મે | ૨3-0૫-૨0 | ૧૧ | ૪૮.૯ | ૮0.3૧ |
| ૨ | જુન | 03-0૭-૨0 | 0 | 0.0 | 0.00 |
| 3 | જુલાઈ | ૧૭-0૮-૨0 | ૧૬૮૬૨ | ૭૯.૭ | ૧૨૫૨૨૫.૪3 |

તા. ૧૭.0૮.૨0૨૧ ના રોજ બનવા પામેલ વીજ-બિલમાં દર્શાવેલ મહ્તમ ડિમાન્ડ એ જુલાઈ-૨0૨0 માં વપરાશ કરવામાં આવેલ મહ્તમ ડિમાન્ડ છે. અને જે ૭૯.૭ KW આવતા ગ્રાહક દ્વારા જુલાઈ-૨0 માં પણ મહ્તમ લોડનો ઉપયોગ કરેલ છે જે સ્પષ્ટ છે.

3.૨ આથી વર્ષ-૨0૨0 ના કંપનીના ઓડિટ ટીમ દ્વારા સદર ગ્રાહકોની જુલાઈ-૨0 માં વપરાશ નોંધાયેલ હોય તથા મહ્તમ ડિમાન્ડ પણ રેકોર્ડ થયેલ હોય જુલાઈ -૨0 ની ઓફ સિઝન રદ કરવામાં આવેલ. અને નિયમ મુજબ એક કેલેન્ડર વર્ષમાં 3 મહિના ઓફ સીઝન લેવી જરૂરી હોય જુલાઈ-૨0 ની ઓફ સિઝન રદ કરવાં આવેલ અને ઓફ સિઝન રદ થતાં બાકી ૨ મહિના ઓફ સિઝન માસ દરમ્યાનની ફિક્સ ચાર્જનું પુરવણી બિલગ્રાહકને આપવામાં આવેલ છે અને તે ભરપાઈ કરવા ને પાત્ર થાય છે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ પક્ષકારે આ બાબતે ટેરીફ ઓર્ડર નં. PGVCL/REG.CELL/T-15407 DT. 04-05-21 ના ક્લોઝ નં. ૫.૬ મુજબ જે તે કર્મચારી/અધિકારી ને માહિતગાર કરવા માટે સુચના આપવામાં આવે છે.

૪.૨ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા સીઝનલ ગ્રાહક ના આખર તારીખે એટલેકે ૩૧.૦૭.૨૦૨૦ ના રોજ છેલ્લા રીડીંગ લેવા જોઈએ તે લેવામાં આવેલ નથી અને તેઓ દ્વારા એવું જણાવેલ છે કે કોરોના સમય હતો જેના કારણે સમયસર રીડીંગ લેવામાં આવેલ નથી તેમજ એમ.આર.આઈ. ડેટા દ્વારા પણ રીડીંગ લઈ શકાય તેમ નથી.

૪.3 વધુમાં અરજદાર શ્રી ની વપરાશ પેટર્ન જોતાં જુલાઈ-૨૦, બીલ્ડ ઇન ઓગષ્ટ-૨૦ નું જે બીલીંગ કરવામાં આવેલ છે તે તારીખ: ૧૭.૦૮.૨૦૨૦ ના રોજ રીડીંગ લીધેલ છે તે મુજબ આ વપરાશ ઓગષ્ટ મહીના નું હોય તે મુજબ સદર અરજદારશ્રી પાસેથી ફીક્ષ ચાર્જ વસૂલી શકાય નહી.

૪.૪ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯